# 2401001202050002
# EXAMINATION MARCH-APRIL 2024
# BACHELOR OF ARTS(NCF-NEP)
# (SECOND SEMESTER)
# AEC - II : GUJARATI PROFICIENCY AND LIFE SKILLS - II - LEVEL 5

**[Time: As Per Schedule]** **[Max. Marks: 25]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
a. Name of the Examination : **BACHELOR OF ARTS (NCF-NEP) (SECOND SEMESTER)**
**b.** Name of the Subject : **AEC - II : GUJARATI PROFICIENCY AND LIFE SKILLS - II - LEVEL 5**
c. Subject Code No : **2401001202050002**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student’s Signature

**Q.1 ટૂંકા પ્રશ્નોના જવાબ આપો. (કોઈપણ પાંચ)** **10**

૧. કોશના બે ઉપયોગો જણાવો.

૨. કોશના પ્રકાર જણાવો.

૩. રૂઢિપ્રયોગ એટલે શું.? કોઇ એક ઉદાહરણ આપી સમજાવો.

૪. રૂઢિપ્રયોગની બે લાક્ષણિકતાઓ જણાવો.

૫. કહેવત એટલે શું.? કહેવતનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે?

૬. ગદ્યખંડ પ્રશ્નોના જવાબ આપતી વખતે કઈ બે બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ?

૭. ગદ્ય સમીક્ષાનો હેતુ જણાવો.

**Q.2 (અ) કોઈ પણ પાંચ રૂઢિપ્રયોગના અર્થ આપી સમજાવો.** **5**

૧. આભના તારા દેખાડવા
૨. ઈડરિયો ગઢ જીતવો
૩. કડવું ઝેર જેવું લાગવું
૪. ચાર હાથ કરવા
૫. ઘડો ફૂટવો
૬. જીભ આડી વાળવી
૭. ડહાપણ ડહોળવું
૮. દૂધ ધોઈને આપવું
૯. દિવાસળી ચાંપવી
૧૦. ધોળામાં ધૂળ પડવી

**(બ) કોઈ પણ પાંચ કહેવતો અર્થ આપી સમજાવો.** **5**

૧. ઓળખાણ મોટી ખાણ છે
૨. ગરજ સરી એટલે વૈદ વેરી
૩. ઝાઝી કીડીઓ સાપને તાણે
૪. દુઃખનું ઓસડ દહાડા
૫. બકરું કાઢતા ઊંટ પેસે
૬. ભાવતું હતુંને વૈદે કહ્યું
૭. મોરના ઇંડા ચીતરવા ન પડે
૮. લાંબા જોડે ટૂંકો જાય મરે નહિ તો માંદો થાય
૯. વિનાશકાળે વિપરીત બુદ્ધિ
૧૦. સાપ ગયાને લીસોટા રહ્યા

**(ક)** કોશના પ્રકારો અને ઉપયોગોની ટૂંકમાં ચર્ચા કરો. **5**

**અથવા**

નીચે આપેલ ગદ્યખંડ વાંચી પ્રશ્નોના જવાબ લખો.

"એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ વધુને વધુ જ્ઞાન પ્રાપ્તિ થતી જશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બૂટ પૉલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે, તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે, એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં ઈશ્વરની આરાધના કરવામાં કે

અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એનાં દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે, એકાગ્રતામાંથી આ પ્રકારનાં બળ અને શક્તિ આવે છે.”

- સ્વામી વિવેકાનંદ

**પ્રશ્નોનાં જવાબ આપો.**

૧. જ્ઞાનપ્રાપ્તિનો એકમાત્ર ઉપાય કયો છે.

૨. બૂટ પૉલિશવાળો અને રસોઈયો વધુ સારું કામ ક્યારે કરી શકશે?

૩. કાર્ય વધારે સારું શેનાથી થશે?

૪. એકાગ્રતામાંથી કયા પ્રકારના બળ અને શક્તિ મળે છે.?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

*****